# રાજ્યમાં નવા ૩૯૮ કેસ, ૩૦ મૃત્યુ

## અમદાવાદમાં ૨૭૧ નવા કેસો સપાટીએ : કોરોનાની કેસોની સંખ્યા ૧૨૫૩૯, કુલ મૃત્યુઆંક ૭૪૯ પહોંચી ગયો છેઃ અમદાવાદમાં ૨૪ કલાકમાં ૨૬ના મોત

ગાંધીનગર,તા.૨૦

ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસના કેસ ઓછા થવાનું નામ જ લઈ રહ્યું નથી. ત્યારે સરકાર પર કોરોના વાયરસને લઈને સર્તક રહેવાનું કઈ રહી છે. ગુજરાતમાં ધંધો રોજગાર ફરીથી ચાલુ કરી દીધા છે પરંતુ લોકોને પણ સર્તક રહેવાની જરૂર છે. આજે ગુજરાત રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા ૩૯૮ કેસ સપાટીએ આવ્યા છે અને ૩૦ લોકોના મોત થયા છે. આના સિવાય ૧૭૬ દર્દીઓ સાજા થઈને ઘરે પરત મોકલવામાં આવ્યા છે. કોરોના વાયરસની કુલ કેસોની સંખ્યા ૧૨૫૩૯ અને કુલ મૃત્યુઆંક ૭૪૯ પર પહોંચી ગયો છે. આજે અમદાવાદમાં ૨૭૧, સુરતમાં ૩૭, વડોદરામાં ૨૬, મહીસાગર અને પાટણમાં ૧૫-૧૫, કચ્છમાં ૫, અરવલ્લીમાં ૪, ગાંધીનગર, સાબરકાંઠા, નવસારી, સુરેન્દ્રનગરમાં ૩-૩, બનાસકાંઠા, આણંદ, ખેડા, વલસાડમાં ૨-૨ અને જામનગર, ભરૂચ, દાહોદ, જુનાગઢમાં ૧-૧ કેસ સપાટી પર આવ્યા છે. ગુજરાતમાં 'હું પણ કોરોના વોરિયર' અભિયાનની મુખ્યમંત્રી વિજય રૂપાણીને હસ્તે શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન ૧ અઠવાડિયા સુધી ચાલવાનું છે. આ તકે તેમણે જણાવ્યું હતું કે, વર્ષો પછી આ મહામારી આવી છે. લોકડાઉનમાં જીવન અઘરું હતું. સરકારે પોતાની તમામ તાકાત લગાવી દીધી. લોકડાઉન દરમિયાન છેવાડાના માનવી સુધી અનાજ પહોંચાડવામાં આવ્યું છે. એક જ મહિનામાં ચાર ચાર વખત અનાજ આપવામાં આવ્યું છે. ૮ લાખથી વધુ શ્રમિકોને તેમના વતન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨ મહિના પછી નિયમોને આધિન લોકડાઉનની છૂટ આપવામાં આવી છે. ત્યારે કોરોના વોરિયર્સની ભૂમિકા મહત્વની બની જાય છે. અત્યારસુધી ઘરમાં હતા એટલે સુરક્ષિત હતા. હવે કોરોનાની સાથે જીવવાનું છે અને કોરોનાની સામે લડવાનું છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૮૯૪૫ | ૫૭૬ | ૩૦૨૩ |
| સુરત | ૧૧૫૬ | ૫૫ | ૭૫૮ |
| વડોદરા | ૭૦૦ | ૩૨ | ૪૫૧ |
| ગાંધીનગર | ૧૯૦ | ૦૭ | ૭૨ |
| ભાવનગર | ૧૧૪ | ૦૮ | ૭૫ |
| બનાસકાંઠા | ૮૬ | ૦૪ | ૭૭ |
| આણંદ | ૮૩ | ૦૮ | ૭૪ |
| રાજકોટ | ૮૨ | ૦૨ | ૫૨ |
| અરવલ્લી | ૮૨ | ૦૩ | ૭૫ |
| મહેસાણા | ૮૦ | ૦૩ | ૫૧ |
| પંચમહાલ | ૭૧ | ૦૬ | ૫૪ |
| બોટાદ | ૫૬ | ૦૧ | ૫૧ |
| મહીસાગર | ૫૩ | ૦૧ | ૩૮ |
| ખેડા | ૫૧ | ૦૧ | ૨૫ |
| પાટણ | ૫૩ | ૦૩ | ૨૫ |
| જામનગર | ૪૨ | ૦૨ | ૨૨ |
| ભરૂચ | ૩૬ | ૦૩ | ૨૫ |
| સાબરકાંઠા | ૪૬ | ૦૨ | ૧૫ |
| ગીર-સોમનાથ | ૨૮ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૨૮ | ૦૦ | ૧૬ |
| છોટાઉદેપુર | ૨૨ | ૦૦ | ૧૪ |
| કચ્છ | ૫૨ | ૦૧ | ૦૬ |
| નર્મદા | ૧૩ | ૦૦ | ૧૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૨ | ૦૦ | ૦૨ |
| વલસાડ | ૧૫ | ૦૧ | ૦૪ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૮ |
| જૂનાગઢ | ૧૨ | ૦૦ | ૦૩ |
| પોરબંદર | ૦૫ | ૦૦ | ૦૩ |
| સુરેન્દ્રનગર | ૧૦ | ૦૦ | ૦૩ |
| મોરબી | ૦૨ | ૦૦ | ૦૧ |
| તાપી | ૦૩ | ૦૦ | ૦૨ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૨ |
| અમરેલી | ૦૨ | ૦૦ | ૦૦ |
| અન્ય રાજ્ય | ૦૧ | ૦૦ | ૦૦ |
| કુલ | ૧૨૧૪૧ | ૭૨૯ | ૫૦૪૩ |

## બનાસકાંઠામાં કોરોનાનો કહેર, ૨૪ કલાકમાં ૧૨ કેસથી ફફડાટ

### વડગામમાં ૧૦, ડીસા ૧ અને કાંકરેજમાં ૧ પોઝિટિવ કેસ નોંધાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૨ પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં વડગામમાં ૧૦, ડીસામાં ૧ અને કાંકરેજમાં ૧ વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવતાં હરકતમાં આવેલા આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓને પાલનપુર કોવિડ હોસ્પિટલમાં ખસેડી સારવાર હાથ ધરવામાં આવી છે. તેમજ આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી હોમ કોરેન્ટાઇન કરવામાં આવશે.

બનાસકાંઠા જિલ્લામાં એક તરફ કોરોના પોઝિટિવ દર્દીઓ સાજા થઈ રહ્યા છે. પાલનપુર અને ડીસા કોવિડ હોસ્પિટલમાંથી તેમને રજા આપવામાં આવી રહી છે. બીજી તરફ નવેસરથી પોઝિટિવ કેસો નોંધાઈ રહ્યા છે. ત્યારે આવી સ્થિતિમાં જિલ્લામાં બુધવારે સાંજે કોરોના વાયરસનો વિસ્ફોટ થયો હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૨ પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ભારે ફફડાટ પ્રસરી ગયો છે. જ્યાં વડગામમાં ૧૦, ડીસામાં ૧ બાળક અને કાંકરેજ તાલુકાના ધનેરામાં એક વૃદ્ધ વ્યક્તિનો રિપોર્ટ પોઝિટિવ આવતાં હરકતમાં આવેલા આરોગ્ય વિભાગ દ્વારા દર્દીઓને પાલનપુર કોવિડ હોસ્પિટલમાં ખસેડી સારવાર હાથ ધરવામાં આવી છે. તેમજ આ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોને શોધી હોમ કોરેન્ટાઇન કરવામાં આવશે.

## જ્યોતિ સીએનસીએ ફ્રીમાં ૮૬૬ વેન્ટિલેટર્સને આપી સેવા કરી છે

### નિયમ મુજબ ધમણ-૧ને લાયસન્સની જરૂર નથી : વિશ્વમાં વેન્ટિલેટર્સની તીવ્ર અછત છે

### આઈએસઓ મુજબ આઈઈસી મંજુરી મેળવ્યા બાદ વેન્ટિલેટરનું નિર્માણ કર્યું

ગાંધીનગર,તા.૨૦

ધમણ-૧ વેન્ટિલેટરના નિર્માણથી ગુજરાતે આત્મનિર્ભરતાનું અનન્ય અને બેનમૂન ઉદાહરણ પૂરું પાડ્યું છે. સમગ્ર વિશ્વમાં વેન્ટિલેટરની અછત છે ત્યારે ગુજરાતની આ આત્મનિર્ભરતાની પ્રશંસા થવી જોઈએ અને તેને પ્રોત્સાહન મળવું જોઈએ. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ.જયંતી રવિ, આરોગ્ય કમિશ્નર જયપ્રકાશ શિવહરે અને સ્પેશ્યલ કમિશ્નર હારિત શુકલા એ સંયુકત રીતે આજે ગાંધીનગર ખાતે મીડિયાને આ માહિતી આપી હતી. કોરોનાએ દસ્તક દીધી ત્યારે સમગ્ર વિશ્વની સાથોસાથ ગુજરાતમાં પણ વેન્ટિલેટરની આકસ્મિક જરૂરીયાત સર્જાઇ હતી. આ મહામારીમાં વેન્ટિલેટર્સ મુખ્ય જરૂરીયાત હતી એટલે કોઈપણ દેશ વેન્ટિલેટર્સની માંગને પહોંચી વળે તેવી પરિસ્થિતિમાં ન હતો. આવી પરિસ્થિતીમાં રાજકોટની જ્યોતિ સીએનસી પ્રાલીએ ગુજરાતને આ મહામારીમાં મદદરૂપ થવા જરૂરી તમામ ધારાધોરણો પ્રમાણે વેન્ટિલેટરનું ઉત્પાદન કરીને, જરૂરી તમામ પરીક્ષણો અને પ્રમાણપત્રો મેળવ્યા પછી તા.૧૮/૦૪/૨૦૨૦એ પ્રથમ ૧૦ વેન્ટિલેટર સપ્લાય કર્યા હતા. સમગ્ર વિશ્વના તમામ દેશોમાં અને ભારતમાં પણ વેન્ટિલેટરની ભારે અછત અને જબરદસ્ત માંગ છે એવા સંજોગોમાં જ્યોતિ સીએનસીએ અત્યાર સુધીમાં કુલ ૮૬૬ નંગ વેન્ટિલેટર સપ્લાય કર્યા છે અને તે પણ વિનામુલ્યે. ધમણ-૧ કે અન્ય કોઈપણ વેન્ટિલેટરના નિર્માણ કે ઉપયોગમાં ડ્રગ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા-ડીસીજીઆઈના લાયસન્સની આવશ્યકતા નથી. ભારતના ડ્રગ કંટ્રોલર જનરલ ડૉ વીજી સોમાણીએ જણાવ્યું છે કે, મેડિકલ ડિવાઈસ રૂલ્સ- ૨૦૧૭ના રેગ્યુલેશન અંતર્ગત હાલમાં વેન્ટિલેટર માટે રાજ્ય કે કેન્દ્ર સરકારના કોઈ જ લાયસન્સની આવશ્યકતા નથી. એટલું જ નહી, મિનિસ્ટ્રી ઓફ હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર એ તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના જીએસઆર ૧૦૨ (ઈ) નોટિફિકેશન બહાર પાડ્યું છે. તા. ૧ એપ્રિલ, ૨૦૨૦ થી અસરકર્તા આ નોટિફિકેશનમાં ૩૭ વસ્તુઓની યાદી છે, જેના લાયસન્સની આવશ્યકતા છે. આ ૩૭ વસ્તુઓમાં વેન્ટિલેટરનો સમાવેશ કરાયો નથી. એટલે કે, ધમણ-૧ ના લાયસન્સની આજની તારીખે કોઈ આવશ્યકતા નથી. આ નોટિફિકેશનમાં જણાવાયું છે કે, ઉપરોક્ત ૩૭ સિવાયની કોઈપણ મેડિકલ ડિવાઈસના ઉત્પાદકો આ નોટિફિકેશનની તારીખ થી ૧૮ મહિના સુધીમાં એટલે કે તારીખ ૨૧ ઓક્ટોબર, ૨૦૨૧ સુધીમાં પોતાના ઉત્પાદનોનું સ્વૈચ્છિક રજીસ્ટ્રેશન કરાવી શકે છે. આ પ્રમાણે પણ જો ધમણ-૧ના ઉત્પાદકો રજીસ્ટ્રેશન કરાવવા કે લાયસન્સ લેવા ઈચ્છે તો તેના સ્વૈચ્છિક રજીસ્ટ્રેશન માટે ઓક્ટોબર - ૨૦૨૧ સુધીનો સમય છે. જ્યોતિ સીએનસીએ સ્ટાન્ડર્ડ વેન્ટિલેટર માટે આઈએસઓ હેઠળ જરૂરી આઈઈસી ૬૦૬૦૧ માપદંડ મુજબ વેન્ટિલેટર્સનું નિર્માણ કર્યું છે. ભારત સરકારની હાઈપાવર પ્રોક્યોર્મેન્ટદ કમીટીના વેન્ટિલેટર માટેના જે માપદંડો છે તેને પણ ધમણ-૧ પરિપુર્ણ કરે છે. એટલું જ નહીં આ હાઈ પાવર પ્રોક્યોર્મેન્ટ કમિટિએ વેન્ટિલેટરના નિર્માણ-ખરીદી માટે જે ૨૪ ઉત્પાદકોને માન્યતા આપી છે તેમાં પણ જ્યોતિ સીએનસીનો સમાવેશ કરવામાં અવ્યો છે.



સાબરકાંઠા જિલ્લામાંથી આજે પરપ્રાંતી શ્રમિકો વતન જવાના હોઈ જિલ્લા કોંગ્રેસ દ્વારા ૬૦૦ શ્રમિકોને ભાડાની સહાયતા ચૂકવાઈ. એક શ્રમિકને ૭૫૦ લેખે ૬૦૦ શ્રમિકોને કોંગ્રેસ દ્વારા કોંગ્રેસના સિમ્બોલ વાળું કવરમાં ભાડું અપાયું. સાથે કોંગ્રેસના પંજાવાળા માસ્ક પણ આપ્યા હતા. હિંમતનગરમાં ચાર સ્થળે બિહારના ૪૦૦ શ્રમિકોને કોંગ્રેસના કમલેશ પટેલ, તાલુકા પ્રમુખ સુરેશભાઈ પટેલે ભાડું આપ્યું હતું તો તલોદમાં પૂર્વ કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ૨૦૦ શ્રમિકોને ભાડું આપ્યું હતું.

## વાઘ બકરી ગ્રુપ દ્વારા કોવિડ-૧૯ મહામારીથી અસરગ્રસ્તો માટે લગભગ ૩.૫૦ કરોડનું યોગદાન

વાઘ બકરી ગ્રુપ આપણા રાષ્ટ્રના ફ્રન્ટલાઈન વોરિટર્સને સલામ કરે છે. આપણી સુરક્ષા અને આરોગ્ય માટે અથાક પરિશ્રમ ઉઠાવી રહેલા ફ્રન્ટલાઈન વોરિયર્સ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા વાઘ બકરી ટી ગ્રુપે વડાપ્રધાન અને સીએમ સહાય ભંડોળમાં લગભગ ૩.૫૦ કરોડનું યોગદાન આપ્યું છે અને પ્રત્યક્ષ રીતે મેદાનમાં ઉતરીને કામ કરી રહેલી વિવિધ સંસ્થાઓ, આશ્રયસ્થાનો, રોજની આવક ઉપર નભનારા આરોગ્ય કર્મચારીઓ અને પોલીસ કર્મચારીઓ માટે ચા આપવાની સેવા પણ પુરી પાડી છે.

પીએમ કેર્સ ફંડને વાઘ બકરી ટી ગ્રુપ દ્વારા લગભગ રૂ. ૨ કરોડનું દાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત ગ્રુપના બોર્ડ ઓફ ડાયરેક્ટરો સાથે કર્મચારીઓએ સ્વૈચ્છિક રીતે એક દિવસનો પગાર દાન કરીને રૂ. ૧૩ લાખનું વધારાનું યોગદાન આપ્યું છે. ગ્રુપે વર્તમાન આરોગ્ય કટોકટી સામે લડવા અને તેમાંથી બહાર આવવા માટે સૌથી વધુ અસરગ્રસ્તમાંથી એક રાજ્ય ગુજરાતને મદદરૂપ થવા માટે ગુજરાત મુખ્યમંત્રી ભંડોળમાં રૂ. ૧ કરોડનું દાન આપ્યું છે. આ અવસરે મેનેજિંગ ડાયરેક્ટર રશેષ દેસાઈએ જણાવ્યું હતું કે સર્વ ભારતીય કોવિડ વોરિયર્સને મારા મનઃપૂર્વક અભિનંદન. હું એક દિવસનો પગાર સ્વૈચ્છિક રીતે આપીને અમારા સ્ટાફ અને કર્મચારીઓએ રૂ. ૧૩ લાખ ભેગા કર્યા તે બદલ તેમનો પણ આભારી છુ. જે ઈતિહાસમાં મઢેલા વાઘ બકરી સંબંધ બનાવેના અસલી અર્થનું દ્યોતક છે.

### અમ્ફાન ત્રાટક્યું...● અનુસંધાન પહેલાનું ચાલુ

બજારો બંધ રાખવાની અને લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ મૂકવાની સલાહ આપી છે. કોલકાતામાં સવારથી જ ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. ચક્રવાતને જોતા, મોટાભાગના લોકો ઘરોમાં હોય છે, તેથી રસ્તાઓ પરનો ટ્રાફિક ખૂબ ઓછો હતો. હવામાનશાસ્ત્રીઓએ ચેતવણી આપી છે કે ઘણી જગ્યાએ રેલવે અને માર્ગમાર્ગ ખોરવાઈ શકે છે, વીજળી અને સંદેશાવ્યવહારના થાંભલા ઉથલાવી શકાય છે અને તમામ પ્રકારના 'કાચા' મકાનોને ભારે નુકસાન થશે. હવામાન વિભાગે સમાપ્ત પાક અને બગીચાને ભારે નુકસાનની આગાહી કરી છે.હાવડા-નવી દિલ્હી એસી સ્પેશિયલ એકસપ્રેસટ્રેન એમ્ફનને કારણે બુધવારે રદ કરવામાં આવી હતી. પૂર્વી રેલ્વેએ કહ્યું કે આ ચક્રવાતને કારણે ભારે વરસાદ અને તોફાનની સંભાવના છે.

આને ધ્યાનમાં રાખીને, બુધવારે ઉપડતી હાવડા-નવી દિલ્હી એસી સ્પેશિયલ એકસપ્રેસ અને ૨૧ મેએ નવી દિલ્હી-હાવડા એસી સ્પેશિયલ એક્સપ્રેસને રદ કરવામાં આવી છે. ચક્રવાતી તોફાન અમ્ફાનને કારણે વાહક ગુરુવારે સવારે પાંચ વાગ્યા સુધી કોલકાતા એરપોર્ટ પર સ્થગિત રહેશે. છે. ઓડિશાના વિશેષ રાહત કમિશનર પી.કે. જેનાએ જણાવ્યું હતું કે ઘણા જિલ્લાઓમાં વૃક્ષો તૂટેલા અને ઝૂંપડાઓ નાશ થયાના અહેવાલો પ્રાપ્ત થયા છે, જગતસિંઘપુર, કેન્દ્રપદા, ભદ્રક, બાલાસોર અને મયુરભંજ જિલ્લામાં બપોર સુધી ચક્રવાતી વાવાઝોડાની અસર રહેશે. ચક્રવાતી તોફાન 'અમ્ફાન'ના આગમન પહેલા આશરે લાખો લોકોને પશ્ચિમ બંગાળ અને ઓડિશાથી સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. એનડીઆરએફના વડા એસ.એન.પ્રધાને બુધવારે કહ્યું હતું કે' અમાવસ્યા'ને કારણે બચાવ ટીમો અને વહીવટ 'ચારથી છ' હતા. તોફાની અથવા ભરતીના તરંગો સાથે વ્યવહાર કરવા માટે મીટર રૈષ્નરંચી તૈયાર છે.

### વિમાની સેવા...● અનુસંધાન પહેલાનું ચાલુ

એરલાઈન શરૂ કરવાની જવાબદારી સંપૂર્ણપણે કેન્દ્ર અથવા નાગરિક ઉડ્ડયન મંત્રાલયની નથી. આ મામલો રાજ્યો સાથે પણ સંબંધિત છે, તેથી તેમને હવાઈ સેવા શરૂ કરવા પણ તૈયાર રહેવાની જરૂર છે. કોરોના વાયરસને કારણે દેશભરમાં ૨૪ માર્ચથી લોકડાઉન ચાલુ છે. ત્યારથી, વ્યાપારી હવાઈ સેવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. લોકડાઉન ત્રણમાં ઘણી સેવાઓને છૂટ આપવામાં આવી હતી, પરંતુ પ્લેન, ટ્રેન, મેટ્રો, સ્કૂલ-ક ર્ષ્ઙ્ગઙ્ગીષ્મીલેજ, મઙ્ગઙ્ગજલ્સ જેવા સ્થળોએ પણ સંપૂર્ણ પ્રતિબંધ લ ઙ્ગષ્ઠાકડાઉનના ચોથા તબક્કામાં છે. ચાલો આપણે જાણીએ કે લોકડાઉનનો ચોથો તબક્કો ૩૧ મેના રોજ સમાપ્ત થશે.

### આતંકવાદી હુમલો...● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારમાં સુરક્ષા દળોની સંયુક્ત ટીમ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કર્યો હતો. આ હુમલામાં બીએસએફના બે જવાન ગંભીર રીતે ઘાયલ થયા હતા, જેને ઉતાવળમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. હુમલાખોરોને તક મળી અને તેઓ આ સૈનિકોની રાઈફલો લઈને ફરાર થઈ ગયા. ગંભીર રીતે ઘવાયેલા સૈનિકોએ હોસ્પિટલમાં પોતાનો જીવ ગુમાવ્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ આ બંને સૈનિકોની રાઈફલો લઈને આતંકીઓ નાસી છૂટયા હતા. આ હુમલા બાદ સુરક્ષા દળોએ આ વિસ્તારની તપાસ શરૂ કરી દીધી છે. આશંકાઓ છે કે કેટલાક આતંકવાદીઓ આજુબાજુ છુપાયેલા છે. તેમની શોધમાં સર્ચ ઓપરેશન ચાલુ છે. બીએસએફના વરિષ્ઠ અધિકારીઓએ કહ્યું કે તેઓ ઘટના અંગેની તથ્યો એકત્રિત કરી રહ્યા છે. એવું કહેવામાં આવ્યું હતું કે હુમલો દરમિયાન બીએસએફના જવાનો આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા.

## હિંમતનગર મેડીકલ કોલેજમાં અદ્યતન સેમ્પલ ટેસ્ટીંગ મશીન વસાવાયુ

હિંમતનગર, તા. ૨૦

કોરોના વાયરસને પગલે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના શંકાસ્પદ દર્દીઓ મળી આવતા હતા તેમના ટેસ્ટ કરવા માટેના સેમ્પલ ગાંધીનગર મોકલવામાં આવતા હતા પરંતુ તેનો રીપોર્ટ તરત ન આવતો હોવાથી તબીબોને સારવાર કરવા માટે અસમંજસ રહેતી હતી. પરંતુ સરકારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લા માટે અદ્યતન સેમ્પલ ટેસ્ટીંગ મશીન હિંમતનગર મેડીકલ કોલેજને આપ્યુ છે જેથી હવે પછી મોટાભાગના તમામ પ્રકારના રોગનું નિદાન ઝડપથી થઈ શકશે.

આ અંગે આધારભૂત સૂત્રોના જણાવાયા અનુસાર હિંમતનગર મેડીકલ કોલેજના માઈક્રોબાયોલોજી વિભાગમાં સરકાર તરફથી પીસીઆર કોવિડ-૧૯ લેબોરેટરીના સેટઅપ માટેના તમામ સાધનો તથા કીટ ઉપલબ્ધ થઈ છે. જેની મદદથી કોરોના સહિત અન્ય ૧૧૦ પ્રકારના ટેસ્ટ કરી શકાશે અને એક કલાકમાં ૬૪૦ ટેસ્ટ કરવાની આ લેબોરેટરીમાં વસાવાયેલા સાધનોની ક્ષમતા હોવાનો દાવો કરાયો છે.



હિંમતનગર એસટી વિભાગીય કચેરીના નવ ડેપોમાં ૮૬ બસોમાં ૪૫૦ ટ્રીપો આજથી શરુ કરી હતી. હિંમતનગર એસટી ડેપોમાં સવારે જીલ્લાના તાલુકા મથકે એસટી પહોચી હતી. સવારે ૮ વાગ્યા થી સાંજે ૬ વાગ્યા સુધી એસટી સેવા બંધ થઈ હતી.

### દોડતી થઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર એસ.ટી. ડેપોના ઈન્ચાર્જ મેનેજર શ્રી રાવલે જણાવ્યું હતું કે, સરકારના દિશા-નિર્દેશો અને એસ.ટી બસ ડેપોના નિયમોનુસાર દરેક મુસાફરોનું થર્મલ ગનથી ટેમ્પરેચર તપાસવામાં આવે છે. સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે મુજબ ટિકીટ ચેકિંગની પ્રક્રિયા કરવામાં આવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં લોકોનો સારો એવો સહયોગ પણ મળી રહ્યો છે. તેમજ તમામ મુસાફરોને માસ્ક પહેરવું ફરજીયાત કરવામાં આવ્યું છે. બસમાં પણ સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. બસોનું નિયમિત રીતે સેનિટાઇઝ કરવામાં આવે છે. તેમજ વોશ પણ કરવામાં આવે છે. આજે સમગ્ર એસ.ટી. ડેપોને અને બસોનું પણ સેનિટાઈઝર કરીને સેવાનો આરંભ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત એસ.ટી. ડેપોમાં ગમે ત્યાં મુસાફરો થુંકે નહિ તેની કડક સૂચના આપવામાં આવી છે. તેમજ માસ્ક ન પહેરયું હોય અને મુસાફર થુંકતા પકડાય તો રૂપિયા ૨૦૦/- સુધીનો દંડ વસુલ કરવાની જાગૃતિના સાઈન બોર્ડ પણ ડેપોમાં મારવામાં આવ્યા છે.

## માલપુરનાં સવાપુરના જંગલમાં લાગેલી ભીષણ આગે સુરજપુરના ખેતરો સુધી પ્રસરી

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જીલ્લામાં આવેલા ડુંગર અને જંગલમાં આગ લાગવાની ઘટનાઓમાં પર્યાવરણ સાથે માનવ વસાહત માટે ભયજનક બની રહી છે. અરવલ્લી વન વિભાગ તંત્ર પાછળ સરકાર કરોડો રૂપિયા પગાર પેટે એંધાણ કરી રહી છે અને વૃક્ષો વાવવા અને વનસંપદાનું જતન કરવા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે તેમ છતાં અરવલ્લીની ગિરિમાળાઓ અને જંગલોમાં સતત લાગી રહેલી રહસ્યમય આગની ઘટનાઓએ અનેક શંકા કુશંકાઓ સર્જી છે. માલપુર તાલુકાના સવાપુરના જંગલમાં લાગેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી પ્રસરતાં જંગલ નજીક આવેલા સુરજપુર ગામના ખેડૂતોના ખેતરમાં ઉભી નીલગીરી અને લીંબુનો પાક સ્વાહા થઈ જતા તેમજ અન્ય ખેતરોમાં રહેલ સૂકું ઘાસ આગની લપેટમાં આવી જતા આગમાં સ્વાહા થતા ખેડૂતોમાં વનવિભાગની આગ કાબુમાં લેવાં અણઆવડતના પગલે ખેતરોમાં પ્રસરી હોવાનું ખેડૂતોમાં ચર્ચાઈ રહ્યું છે. ખેડૂતોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે વનવિભાગે જંગલમાં લાગેલી આગ નું કારણ શોધવા તજવીજ હાથ ધરી હતી.



માલપુરના સવાપુરના જંગલોમાં અગમ્ય કારણોસર આગ ફાટી નીકળતા અને જંગલ નજીક આવેલ ખેતરો સુધી પ્રસરતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. જંગલમાં આગ લાગતા વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં આળસ દાખવતા આગ વધુ પ્રસરી હતી ખેડૂતોએ ઘટનાસ્થળે પહોંચી આગ હોલવવાના પ્રયત્નો હાથ ધરવા છતાં બેકાબુ બનેલ આગે જંગલ નજીક આવેલા ખેતરોમાં ઉભા પાકને લપેટમાં લેતા ખેતરોમાં ઉભો પાક ખાખ થયો હતો. આગની ઘટનાના પગલે માલપુર મામલતદાર ઘટનાસ્થળે પહોંચી ફાયરબ્રિગેડને જાણ કરતાં ફાયરબ્રિગેડ સ્થાનિક લોકો અને વનવિભાગ તંત્રએ આગ પર કાબુ મેળવ્યા હતો.

### ૧ કેસ...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમ્યાન ગઈકાલે માણસાના આજોલ ખાતે જે દંપતિનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો તે દર્દીઓને અમદાવાદની યાદીમાં ગણવા જોઈએ તેવી તંત્રની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી અત્યાર સુધી ૫૮ દર્દી રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે તેમ તંત્રની યાદીમાં જણાવાયુ છે. જિલ્લામાં કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૯ થઈ છે. કુડાસણ વિસ્તારની સોસાયટીમાંથી મળેલ પુરૂષ દર્દીના ગઈકાલે થયેલ અવસાનની વાતને આજે તંત્રે સમર્થન આપ્યુ છે. તેમને કોરોના ઉપરાંત હાઈ બી.પી.ની પણ બિમારી હોવાનું આ યાદીમાં જણાવાયુ છે. આજે વધુ ૬ દર્દી સાજા થતાં તેમને રજા આપવામાં આવી છે. આજે જે દર્દીઓને રજા આપવામાં આવી છે તેમાં અડાલજના આરોગ્ય કર્મી યાદવ જે સંક્રમિત થયા હતા તેઓ સાજા થઈ જતાં રજા આપવામાં આવી છે. તેમને આજે તંત્રના કર્મયોગીઓએ તાળીઓ સાથે રજા આપી હતી. આજે પાંચ સ્ત્રી દર્દી પણ રોગમુક્ત થતાં તેમને રજા આપવામાં આવી છે. જિલ્લામાં હાલ ૨૫૦૦ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું આ અખબારી યાદીમાં જણાવાયુ છે.